## જન્મદિને વધામણી



કાર્તિક પટેલ
કોર્પોરેટર, મહાનગરપાલિકા
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૭ ૨૧૯૯૯



ધીરજ બી પટેલ



વિનોદચંદ્ર કરસનલાલ પરમાર
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩



નયનાબેન



સૃષ્ટિ સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩



જિયાન યોગેશકુમાર આનંદ
મો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



જયસિંહ કટોચ

### કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન

# બીબીએ કોલેજના ૬૮ વિદ્યાર્થીઓ ગાંધીનગરની એમટેક ઈલેક્ટ્રોનિક્સની અભ્યાસ મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ)ના તૃતીય વર્ષ નાં ૬૯ વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત કંપનીની વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.

કંપની દેશ- વિદેશમાં પોતાનો વ્યાપ ધરાવે છે. જેથી મોટા પાયા પર આયાત -નિકાસ કરવા માં સફળતા મળે છે. કંપની દ્વારા મોશન કંટ્રોલ ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરવામાં આવે છે. જેની સમગ્ર ભારતમાં ખુબ મોટા પાયે માંગ રહેલી છે. કંપની તરફથી વિદ્યાર્થીઓને કંપનીની કામગીરીનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ માટે ખૂબ ઉપયોગી નીવડશે. સમગ્ર માર્ગદર્શન કંપની તરફ થી એસ. બી. મહાજ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે આપેલ વિગત મુજબ કંપની ૨૫ વર્ષ પહેલાં સ્થાપવામાં આવેલ છે. તેમજ હાલ ૩૦૦ કર્મચારીઓ કંપનીમાં વિવિધ સેવાઓ આપી રહ્યા છે. કંપની મોશન કંટ્રોલ,ઓટોમોશન,પાવર ક્વાલીટી અને ઈન્ડસ્ટ્રીઅલ ઈલેક્ટ્રોનિક જેવા ક્ષેત્રમાં કાર્યરત છે. કંપનીની મુખ્ય ઓફીસ ગાંધીનગર ખાતે આવેલ છે. તેમજ તેની શાખાઓ મુંબઈ,ચેન્નાઈ,દિલ્હીમાં આવેલી છે. તેમજ અમેરિકાના એટલાન્ટા શહેરમાં પણ કંપનીની શાખા કાર્યરત છે. કંપની સમગ્ર ભારત સહીત વિદેશમાં પણ કંપની દ્વારા નિકાસ કરવામાં આવે છે. જેમાં ઈન્ડોનેશિયા, જર્મની, શ્રીલંકા, બાંગ્લાદેશ મુખ્ય કહી શકાય તેવા દેશો છે તેમજ કાચા માલની આયાત ભારત સહીત અન્ય દેશમાંથી કરવામાં આવે છે. વધુ માહિતી આપતા તેમણે કંપનીના વિવિધ વિભાગો વિષે તેમજ તેની કામગીરી વિષે તલસ્પર્શી માહિતી આપી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ ઉપયોગી તેમજ પ્રાસંગિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેના સંતોષકારક જવાબ તેમને મળ્યા હતા. મેનેજમેન્ટનાં અભ્યાસક્રમમાં અભ્યાસક્રમની સાથે-સાથે પ્રાયોગિક તાલીમનો અનુભવ ખૂબ આવશ્યક છે. જે હેતુને ફળીભૂત કરવા કોલેજ દ્વારા અભ્યાસક્રમનાં ભાગરૂપે દર સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓને રાજ્યમાં આવેલ વિવિધ કંપનીની મુલાકાત માટે લઈ જવામાં આવે છે. માર્કેટિંગ, ફાઈનાન્સ તેમજ એચ.આર. જેવા વિષયો જે વ્યવસાયિક કારકિર્દી માટે ખૂબ મહત્વપૂર્ણ છે. તથા સાંપ્રત સમયમાં ઉદ્યોગ જગતમાં આવા તાલીમ પામેલ વિદ્યાર્થીઓની માગ વધી રહી છે, ત્યારે વિદ્યાર્થીઓ માટે અભ્યાસ સાથે સાથે પ્રેક્ટીકલ અનુભવ લેવો આવશ્યક બન્યો છે.

સમગ્ર મુલાકાતનું સફળતાપૂર્વક આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ, પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. શીતલ પટેલ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# ગેઝીઆ દ્વારા નવતર સેવાકાર્ય



ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ગેઝીઆ) દ્વારા આ દિવસોમાં એક નવા પ્રકારનું સેવાકાર્ય ચાલી રહ્યું છે. એસોસિએશનના કોમન ફેસિલિટી સેન્ટર ખાતે કાર્યરત બેન્ક ઓફ બરોડાની બ્રાન્ચમાં જૂની ચલણી નોટો જમા કરાવવા તથા એક્સચેન્જ માટે આવતા લોકાની સવલત માટે બેસવાની વ્યવસ્થા તથા પીવા માટે મિનરલ વૉટરની વ્યવસ્થા ગેઝીઆ દ્વારા કરવામાં આવી છે. આ સવલતનો લાભ મેળવી નગરજનો રાહતનો શ્વાસ લઈ રહ્યા છે અને ગેઝીઆ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી રહ્યા છે.

# ગુજરાત સાહિત્ય અકાદમીનું નવમું કાવ્યસત્ર રાજકોટ ખાતે

**કવિ નીતિન વડગામા, ભાસ્કર ભટ્ટ, દિલીપ જોશી, ઈશિતા દવે, હર્ષિદા ત્રિવેદી, દિનેશ કાનાણી, એસ એસ રાહી, શૈલેષ ટેવાણી, હરિશ્ચંદ્ર જોશી, લલિત ત્રિવેદી, રાકેશ હાંસલિયા, વંચિત કુકમાવાલા, વારિજ લુહાર**

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું નવમું કાવ્યસત્ર ૧૯ નવેમ્બરે રાજકોટ શહેર ખાતે યોજાઈ રહ્યું છે.

આ અંગેની વિગતો આપતાં અકાદમીના મહામાત્ર મનોજ ઓઝાએ જણાવ્યું છે કે ૧૯ નવેમ્બર ને શનિવારના રોજ હેમુ ગઢવી મિનિ થિયેટર, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે આયોજિત આ કાવ્યસત્રમાં કવિ નીતિન વડગામા, ભાસ્કર ભટ્ટ, દિલીપ જોશી, ઈશિતા દવે, હર્ષિદા ત્રિવેદી, દિનેશ કાનાણી, એસ એસ રાહી, શૈલેષ ટેવાણી, હરિશ્ચંદ્ર જોશી, લલિત ત્રિવેદી, રાકેશ હાંસલિયા, વંચિત કુકમાવાલા, વારિજ લુહાર ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગોવિંદ ગઢવી 'સ્મિત' રહેશે.

# દ્વારકામાં ૧૯ થી ૨૧ દરમિયાન ચોથુ પંચગવ્ય ચિકિત્સા સંમેલન યોજાશે

**'ભારતમાં ૧૯ પ્રદેશ અને ભારતની ૧૧ ભાષાઓમાં ૧૨૦૦ પંચગવ્ય ચિકિત્સા વિજ્ઞાનનાં ગવ્ય સિદ્ધો આ મહાસંમેલનમાં એકત્રિત થશે**

અમદાવાદ, તા. ૧૭

ભારતમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. આયુર્વેદ ઔષધિઓમાં ગાયનાં ગૌમુત્ર, છાણ, દૂધ, છાશ અને ઘીનો ઉપયોગ થાય છે. ગાયની આ બાયપ્રોડક્ટ્સને સંયુક્તપણે પંચગવ્ય તરીકે ઓળખવામાં આવે છે. ભારતની આ પ્રાચીન તબીબી વિદ્યાની લોકપ્રિયતા અને વપરાશ વધી રહ્યા છે. ભારમાં આ જ્ઞાનનું વધુ વિચારિવમર્શ માટે ૧૯ થી ૨૧ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન દેવભૂમિ દ્વારકામાં ચોથુ પંચગવ્ય ચિકિત્સા મહાસંમેલન યોજાઈ રહ્યું છે.

પંચગવ્ય ગુરૂકુલમ-કાંચીપુરમનાં પંચગવ્યસિદ્ધ સુદીપ પંડિતે મહાસંમેલન અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, 'ભારતમાં ૧૯ પ્રદેશ અને ભારતની ૧૧ ભાષાઓમાં ૧૨૦૦ પંચગવ્ય ચિકિત્સા વિજ્ઞાનનાં ગવ્ય સિદ્ધો આ મહાસંમેલનમાં એકત્રિત થશે. જેમને ગવ્ય સિદ્ધાચાર્ય ડૉ. નિરંજનભાઈ વર્માનું માર્ગદર્શન મળશે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'આ મહાસંમેલનમાં રોજ વિશેષ પંચમહાભૂત પૂજા, ગવ્યસિદ્ધ શિષ્ય ડૉક્ટરો, સંચાલક વગેરે માટે વિશેષ શિક્ષણ આયોજન, ગૌમાતાથી નિરોગી ભારત ફેરી (પદયાત્રા) જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, ભારત સરકારે પંચગવ્ય વિજ્ઞાનને પંચગવ્ય ચિકિત્સા તરીકે માન્યતા આપી છે.

### ડાયરેક્ટ ❤ સે

બાદ થયા પછી
બાકી શું રહી ગયું ?
કે એનું નામ
'બાદબાકી' પડી ગયું ?
-નાદિયા હિમાની

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોર્સ-૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(હિન્દી, ૩ડી)
૪.૦૦, ૯.૪૫
ફેન્ટાસ્ટિક બીસ્ટ્સ
(અંગ્રેજી, ૩ડી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૫**
ફોર્સ-૨
૧૦.૦૦
તુમ બિન-૨
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

### પાણશીણા ગામમાં

# માતાજીનો માંડવો તથા નવચંડી યજ્ઞ યોજાયો



ગાંધીનગર, તા. ૧૬

બાબુભાઈ કાનજીભાઈ વાસુકીયા (વાસુકીયા પરીવાર) દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના પાણશીણા ગામમાં શ્રી ચામુંડા માતાજી તથા શ્રી માહાકાળી માતાજીનો નવરંગો માંડવો તથા નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. અનેક સંતો-મહંતો, રાવળ સમાજના જ્ઞાતિજનોની ઉપસ્થીતીમાં માતાજીના માંડવાની થાંભલી રોપવામાં આવી હતી. ચન્દ્રકાન્તભાઈ દવે દ્વારા નવચંડી યજ્ઞ કરાવવામાં આવ્યો અને સાંજે શ્રીફળ હોમવામાં આવ્યુ હતુ. ઉપસ્થિત લોકોએ માતાજીનો મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ ઉપરાંત શ્રી ચામુંડા માતાજી તથા શ્રી મહાકાળી માતાજીના મઢમાં નીલકંઠભાઈ વાસુકીયાના પુત્ર ભાર્ગવ તથા શિવાંશના કર (ચૌલક્રિયા) કરવામાં આવી હતી. વાસુકીયા પરીવારના આંગણે રાવળ સમાજના ખ્યાતનામ કલાકારો દ્વારા માંડવા નિમીત્તે ડાક-ડમરૂના ભવ્ય કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં શુભ પ્રસંગે તુલસીદાસ બાપુ (નર્મદા), ખોડીયાર મંદિર બરવાળાના દિલુરામ બાપુ, ધોળકાના અમૃતદાસ બાપુ, નીલકંઠ માહદેવના બળદેવગીરી બાપુ સહિતના અનેક સંતો-મહંતોએ ઉપસ્થિત રહીને આશિર્વાદ આપ્યા હતા. વાસુકીયા પરીવારના ધનજીભાઈ વાસુકીયા, ગૌરવભાઈ વાસુકીયા, હરેશભાઈ વાસુકીયા દ્વારા ઉપસ્થિત સંતો-મહંતો તથા રાવળ સમાજના આગેવાનોનું શાલ ઓઢાડી, ફુલનાહાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં ખુબ મોટી સંખ્યામાં રાવળ સમાજના આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા.

# હસતા-રમતા અર્થતંત્ર માટે કડવી દવાઓ જરૂરી

### જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજના ભારત દેશની પ્રથમ દૃષ્ટિએ સ્થિતિ જોવા જઈએ તો દિલને ઠેસ અવશ્ય લાગે તેવી છે. કારણ કે સર્વત્ર ચલણી ૫૦૦ તથા ૧૦૦૦ રૂપિયાની નોટો ભરવા કે બદલાવવા બેન્કો પાસે લોકો લાઈનમાં ઊભા રહેવાની ચિંતામાં છે. ક્યાંક શિસ્ત છે તો ક્યાંક માનવતા નથી કે કોઈક વૃધ્ધો જીવન ગુમાવી રહ્યાના સમાચાર મળે છે. આઠમી નવેમ્બરે ખુદ પ્રધાનમંત્રીજીએ આ યોજનાની ટીવી ઉપર વાત કરી ત્યારે લોકો નવાઈના દરિયામાં કોઈકે ધક્કો માર્યો હોય તેમ ડૂબી ગયા. બસ, પછી તો અમલ શરૂ થયો અને સાવ સામાન્ય નાગરિકને મન ચિંતા અને નોટો માટે કતારમાં ઊભા રહેવા સિવાય કોઈ વિકલ્પ ન રહ્યો !

બીજી તરફ, જેમની પાસે કાળુ નાણું જ નથી તેવી પ્રજાએ આ યોજનાને હજાર મુશ્કેલી છતાં વધાવી. કારણ કે દેશમાં સંચિત-વંચિતનો ગુણોત્તર ૮૦:૨૦નો છે. એટલે એક તબક્કે આ કાળા નાણાં ઉપર સકંજો કસવો પડે એ ખૂબ આવશ્યક હતું. નકલી નોટનું પ્રમાણ દેશમાં વધી ગયું હતું અને આ નોટોના આધારે ઉગ્રવાદ ફૂલ્યોફાલ્યો હતો. સીમા પારથી ડ્રગ્સ, નકલી નોટો અને આતંકવાદીઓ આવતા જ રહ્યા છે. એટલે જૂની મોટી નોટ બંધ થવાથી તેઓની કમર તૂટી ગઈ છે. નકસલવાદ ઉપર પણ આ આર્થિક રીતે સર્જીકલ સ્ટ્રાઈક સાબિત થઈ છે. હવે જે સર્વત્ર અજંપો છે તે વહીવટી તંત્રની ખામના લીધે છે. જેમાં ટેકનીકલ બાબતોના લીધે બેન્કોના એટીએમ જલદીથી કામ કરતી શકતાં નથી. દેશમાં એક લાખ નવ હજાર જેટલા એટીએમને ચલાવનાર કુલ ચાર જેટલી કંપનીઓ છે, જેની પાસે એટલો ટેકનીકલ મેનપાવર નથી માટે વિલંબ થઈ રહ્યો છે. નવી નોટો માટે એટીએમના સેન્સર તથા સ્પેસ બદલવા જ પડે એ કારણે વાર લાગી રહી છે. તો બીજી તરફ અરૂણ જેટલી નાણાંપ્રધાન એવી દલીલ કરે છે કે અગાઉથી આ કામ શરૂ કર્યું હોત તો યોજના ખાનગી ના રહેતાં જાહેર થઈ જાત, માટે આવું થયું છે. ચાલો, નાગરિકોને રાષ્ટ્ર કાળા નાણાંથી મુક્ત જોઈએ છે તેથી તેઓ લાઈનોમાં પણ આનંદથી ઊભા રહે છે. હવે પ્રશ્ન એ છે કે આ કદમ પર્યાપ્ત નથી.

કાળા નાણાંનો જન્મ જ્યાં થાય છે તેવાં તમામ ક્ષેત્રો ઉપર ભયાનક રીતે અંકુશ મુકાવો જોઈએ. તો આ બધી પ્રક્રિયાનું સુખદ પરિણામ મળે તેમાં ઘણાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જ્યાં કાળું નાળું અવતર્યા કરે છે - લાંચ-રૂશ્વત, હપ્તા, ખોટી રીતે લેવાતી ફી, દલાલો-ભ્રષ્ટ અધિકારીઓ ઉપર નજર રાખી રોજના લાખો કમાતા તત્ત્વોને જેલના સળિયા પાછળ જ ધકેલવાની કાયમી ઝુંબેશ ચલાવવી પડે તેવું હવે પ્રજા ઝંખી રહી છે. રિઅલ એસ્ટેટ, જ્વેલરી, મોલ, સુપર ગણાતી હોસ્પિટલો, હોટેલ્સ તથા મહત્ત્વના હોદ્દા ધરાવનારા બાબુઓના છેલ્લા દસ વર્ષના હિસાબોની ઝીણવટપૂર્વક તપાસ થવી જોઈએ, તો કાળા નાણાંનો નાગ નાથી શકાય.

આ બધા માટે પ્રધાનમંત્રી પાસે ભાવિ પ્લાન તૈયાર છે, તેથી તેના અમલમાં દવા કડવી લાગશે પણ ભારતના સુખદ ભાવિ માટે આ અમલ ખૂબ જ જરૂરી છે. ભારતનાં બાળકો બચપણને માણી શકતાં નથી. ઉપરાંત કુપોષણનો શિકાર છે તથા બાળમજૂરી બંધ થઈ નથી. તો યુવા વર્ગ હતાશ અને બેકાર છે, માટે ક્રાઈમ્સ વધતા જાય છે અને ઘરમાં વૃધ્ધો રિબાઈ રહ્યા છે. તેઓ ઘાણીનાં વૃધ્ધ બળદની હરોળમાં આવી જાય છે. તેટલી હદે નાણાંનો દુષ્પ્રભાવ વધી ગયો છે. બધું નાણું લક્ષ્મી ના હોઈ શકે. જેમાં પરસેવાની મહેંક આવે એ જ લક્ષ્મીજીનો અહેસાસ કરાવે છે. બાકી કાળુ નાણું. હજારો દુષ્પરિણામો આપનાર રક્તબીજ રાક્ષસ જ ગણી શકાય ! ઈમાનદારીની ઈન્કમનું મૂલ્ય સમાજમાં વધે ત્યારે આ લડાઈ જીત્યા એમ કહી શકાય. આમ નાગરિક આજે ખૂબ પરેશાન છે. પરંતુ અર્થતંત્રને હસતું રમતું તથા પુષ્ટ હોય તો કંઈક ત્યાગ કે ભોગ દેવો જ પડે. રાજકીય રંગો ભરીને રંગોળીને બગાડવાની નથી. પ્રધાનમંત્રીની નિયત સાફ છે. પરંતુ આ કદમ માત્ર શરૂઆત છે. ૮૬ ટકા ઈશ્યૂ થયેલી કરન્સી સામે કેટલી પરત આવી તેના ઉપરથી સરકારને પણ અંદાજ આવશે. હવે ડિજીટલ ઈન્ડિયા ભારતને ચમકાવી શકે છે તેમાં રાજકીય સ્વચ્છ નિયત પૂર્વશરત કહી શકાય.

'ઘરમાં રહેતો હોઉં તો પણ હજી
ક્યાં બધું જાણી શક્યો છું ઘર વિશે'





# માતૃભાષા અભિયાનના ઉપક્રમે ૧૯મીએ બાળસાહિત્ય શનિસભા

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતી ભાષાના વિકાસ માટે સ્થપાયેલી સંસ્થા માતૃભાષા અભિયાન તરફથીત બાળ સાહિત્યના લેખકોને સર્જન માટે વેગ મળે તથા સાહિત્યનું સંવર્ધન થાય તે હેતુથી દર માસના પહેલા અને ત્રીજા શનિવારે 'શનિસભા'નું આયોજન કરવામાં આવે છે.

આ ઉપક્રમ અંતર્ગત આગામી તારીખ ૧૯ નવેમ્બર, ૨૦૧૬ ને શનિવારના રોજ બપોરે ૩ કલાકે ૩૦મી બાળસાહિત્ય શનિસભા યોજાઈ રહી છે. વીએમએસ, ચિત્રકૂટ ફ્લેટ્સ, સાહિત્ય પરિષદની સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ ખાતે આ શનિસભા યોજાશે. આ બેઠકમાં બાળસાહિત્યના લેખકો પોતાની અપ્રકાશિત કૃતિઓની ચર્ચા કરશે અને તેમાં બાળસાહિત્યના તમામ પ્રકારો રજૂ કરવામાં આવશે.

આ કાર્યક્રમ અંગેની વધુ માહિતી માટે મનીષ પાઠક (૯૮૨૫૦ ૪૬૬૮૪)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થા તરફથી જણાવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું મધુરું બાળપણ'**